# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

**-: અખબારી યાદી:-**

# જાહેર સ્વાસ્થ્યલક્ષી કામગીરીના હિતમાં આરોગ્ય અધિકારી ડો. વી.પી.પંડયાનું રાજીનામું મંજુર કરતા મ્યુનિ. કમિશનરશ્રી

તારીખ: 13-11-2019

રાજકોટ મહાનગરપાલિકાની જાહેરક્ષેત્રની વિવિધ કામગીરીઓ પૈકી જાહેર સ્વાસ્થ્ય લગત કામગીરીના હિતમાં તથા આરોગ્ય શાખાની કામગીરીમાં વિલંબ કે વિક્ષેપ ન થાય તેવા આશય સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ લાંબા સમયથી વિચારણાધીન રહેલ તત્કાલીન આરોગ્ય અધિકારીશ્રી ડો. વી.પી.પંડ્યાનું રાજીનામું મંજુર કરવાનો નિર્ણય કર્યો છે.

વિશેષમાં હાલ ચોમાસુ લંબાયુ હોય અને શિયાળાની ઋતુ પ્રારંભ થવા જઈ રહી હોય એમ બબ્બે પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આ સમયમાં વાઇરલ ડિસીઝ અને જહાસ કરીને મચ્છરજન્ય રોગ થવાની શકયતા નકારી શકાય એમ નથી. શિયાળો શરૂ થતા સ્વાઇન ફ્લૂ જેવી બીમારીની પણ સંભાવના રહેતી હોય છે.

આ પરિસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની આરોગ્યલક્ષી કામગીરી વધુ ને વધુ ગંભીરતાપૂર્વક થતી રહે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

જાહેર સ્વાસ્થ્યના હિતમાં આરોગ્ય શાખાના મેલેરિયા વિભાગ તેમજ ફૂડ શાખાની મહત્વની કામગીરી નિયમીતરીતે થાય તે માટે શાખાના વડાની ઉપસ્થિત પણ એટલી જ જરૂરી છે. ડો. પંડ્યાનું રાજીનામું મ્યુનિ. કમિશનરશ્રીએ મંજુર કરી દેતા હવે આરોગ્ય અધિકારીની ભરતીની પ્રક્રિયા પણ ત્વરિત હાથ ધરી શકાશે.

**(જન સંપર્ક અધિકારી)**

રાજકોટ મહાનગરપાલિકા